નૂતન ભારતના શિલ્પી અને ગુજરાતનાં પનોતાપુત્ર લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની આગામી પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૨/૧૨/૨૦૧૮ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સરદારશ્રીની પ્રતિમાનો પ્રતિસ્થાપન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના મા. કુલપતિ પ્રો. ડૉ. કે. એસ. લિખિયાસાહેબ, અતિથિ વિશેષ તરીકે શ્રી ઈશ્વરભાઈ ભાવસાર – ચેરમેન, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર ઉપસ્થિત રહ્યાં હતાં. દીપપ્રાગટ્ય બાદ અતિથિ વિશેષ તથા મા. કુલપતિશ્રી, કુલસચિવશ્રી સહિત તમામ યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં સરદારશ્રીની પ્રતિમાની પ્રતિસ્થાપન વિધિ સંપન્ન કરવામાં આવી. પ્રાર્થના, યુનિવર્સિટી ગીત બાદ કુલસચિવશ્રીએ સૌને આવકાર્યા. આસી. પ્રોફેસર ડૉ. નીલેશભાઈ પંડયા દ્વારા અધ્યક્ષ અને અતિથિશ્રીનો પરિચય આપવામાં આવ્યો. અતિથિ વિશેષ શ્રી ઈશ્વરભાઈ ભાવસારે પ્રસંગોચિત વક્તવ્યમાં ''સરદારશ્રીનાં જીવન પ્રસંગો ટાંકીને તેમના ઉમદા ગુણોનો ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રની એકતા અને અસ્મિતા માટે તેઓએ તેમનાં જીવનની પ્રત્યેક ક્ષણ અર્પી દીધી તેમને સાચી અંજલિ આપવાના આ પ્રયાસને બિરદાવ્યો હતો.''

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં મા.કુલપતિશ્રીએ જણાવ્યું કે ''સરદારશ્રીના જીવનમાંથી સાદગી, સંકલ્પબળ, મુત્સદ્દી સ્વભાવ, દ્દઢ નિર્ણયક્ષમતા, પ્રામાણિકતા જેવાં જીવન મૂલ્યો ગ્રહણસૌને કરવા અનુરોધ કર્યો હતો. 'સરદાર વ્યક્તિ કરતાં વિચાર વિશેષ છે' એ વિચાર આજના વિદ્યાર્થીઓમાં ચરિતાર્થ થાય તેવી આશા સેવી હતી.''

આભારવિધિ બાદ વંદેમાતરમ ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું. સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટી સ્ટાફ, વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન આસી. પ્રોફેસર ડૉ. રૂપમબહેન ઉપાધ્યાય અને ડૉ. અશોકભાઈ પ્રજાપતિ  દ્વારા કરવામાં આવ્યું હતું.









